જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૨૨  રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૧૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭ | ૪,૫૩,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૧૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૫૭ બિયર ટીન, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૯/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૨૦/૨૦૨૨

રામોલઃ ધુતેશ બાલુભાઇ દેવાની (ઉ.વ.૩૧) (રહે. પરીશ્રમ સોસાયટી કર્મભુમી સોસાયટી પાછળ નવા નરોડા) તા.૨૪/૦૯/૨૦૨૨ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે બરોડા એક્સપ્રેસ હાઇવે પાસે આવેલ શૌચાલય નજીક ઉભા હતા ત્યારે ત્રણ અજાણ્યા પુરૂષોએ ધુતેશ દેવાનીને ગડદા પાટુનો માર મારી ચપ્પુ બતાવી મોબાઇલ ફોન, સોનાની ચેઇન અને રોકડ રૂપિયા ૨૭,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૫૦૦/- લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધુતેશ દેવાનીએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

## મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૧૭૨૧/૨૦૨૨

**પાલડીઃ** ઇલાબહેન ચંદ્રકાંત શુકલા (ઉ.વ.૬૮) (રહે. અમૃત ફ્લેટ દામુભાઇ કોલોની જવાહરનગર વાસણા) તા.૨૪/૦૯/૨૦૨૨ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પાલડી રાજનગર ચાર રસ્તા એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીક ઉભા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ ઇલાબહેન શુકલાના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઇલાબહેન શુકલાએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૭૨૨/૨૦૨૨

**વાસણાઃ** અમન સ/ઓ મુન્નરભાઇ સાહની (ઉ.વ.૨૪) (રહે. મ્યુનિસીપલ સ્ટાફ ક્વાટર્સ ખોડિયારનગર સામે વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે ડો.જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

**અમરાઇવાડી**ઃ લક્ષ્મીબહેન વા/ઓ ચંદુભાઇ મકવાણા (ઉ.વ.૨૭) (રહે. સવગણનગર વિભાગ-૧ ભીલવાડા અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૯/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શિવાભાઇ હુરાભાઇ ચલાવે છે.

**દાણીલીમડા**ઃ શેરૂશા ઇમામશા અબ્દાલ (ઉ.વ.૪૮) (રહે. એકતાનગર આવાસના મકાન દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૯/૨૦૨૨ સાંજના ૫/૨૪ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી